જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૨૭/૯/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૯૩૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી અને ૩૯ વ્યક્તિઓને ઝડપી ૫૬૪ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી, ૦૨ આરોપીઓને ઝડપી રોકડ રૂપિયા ૯૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશીશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૮/૧૫**

**શાહીબાગ :** મધુબેન w/o નરેશભાઇ વાઘેલા (ઉ.વ.૪૫)(રહે.સર્વન્ટ કવાટર્સ, જોગણી માતાના મંદીર પાસે, ડફનાળા શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૯/૧૫ ના કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) સુંદરભાઇ (જેના પિતાનાં નામની ખબર નથી) (૨) ચીનીબેન સુંદરભાઇ અને (૩) લક્ષ્મીબેન કાળુભાઇ (તમામ રહે, સર્વન્ટ કવાટર્સ, ડફનાળા, શાહીબાગ) નાઓએ ભેગા મળી અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી, મધુબહેનને કોઇ સફેદ રંગનું પ્રવાહી પીવરાવી દેતાં મધુબહેન બેભાન થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. તેમજ મધુબહેનનાં પતિ નરેશભાઇને પણ ચીનીબહેને માથાના ભાગે ઇંટ મારી ઇજા પહોંચાડી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એ.પ્રજાપતિ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૯/૧૫**

**નરોડા :** ચંદનસિંહ ભવરસિંહ રાજપુત (રહે.ગાયત્રી સોસાયટી, એસ.ટી.વર્કશોપની બાજુમાં, નરોડા પાટીયા) એ તા.૨૬/૯/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૯/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાનાં સુમારે ઘર નજીકથી પોતાના ભાઇ પરબતસિંહ (ઉ.વ.૧૬) નું અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

**શાહીબાગ :** જ્યંતીભાઇ ધનજીભાઇ સોલંકી (ઉ.વ.૬૨)(રહેઃ કલ્પતરુ એપાર્ટમેન્ટ, રાધાકુષ્ણ મંદીરની પાછળ, ઘેવર સર્કલ પાસે રાજસ્થાન હોસ્પીટલ રોડ, શાહીબાગ) એ તા.૨૬/૯/૧૫ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પૌત્રી દ્રષ્ટી ભાવેશભાઇ સોલંકી (ઉ.વ.૧૭) ને તા.૨૨/૯/૧૫ ના કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે કોઇ અજાણી વ્યક્તિ ઘર નજીકથી લલચાવી ફોસલાવી અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એ.પ્રજાપતિ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૦/૧૫**

**વટવા :** બકુલભાઇ મણીભાઇ પટેલ (રહે.રાધિકા બંગ્લોઝ, ઘોડાસર હાઇ-વે, કેડિલાબ્રીજ પાસે, વટવા) એ તા.૨૬/૯/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૯/૧૫ સવારનાં ૭/૦૦ થી તા.૨૧/૯/૧૫ નાં કલાક ૩/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૧/૧૫**

**નવરંગપુરા :** નરેન્દ્રભાઇ જોઇતારામ ભાવસાર (રહે.સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટી, નવા વાડજ) એ તા.૨૬/૯/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૯/૧૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ સામેથી પત્નીને સ્કુટર પાછળ બેસાડી, પસાર થઈ રહ્યા હતા દરમ્યાન ફોરવ્હીલ ગાડી નંબર જી.જે.૧૨.એ.ઇ.૨૪૪૮ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા, નરેન્દ્રભાઇનાં પત્ની ઇન્દીરાબહેન (ઉ.વ.૫૬) ને શરીરે ગંભીર ઈજાઓ થતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૯/૧૫ સાંજનાં ૬/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હડમતસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)